# જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

Phone:0261-2662902
Fax: 0261-2662903

Website: www.deosurat.gov.in
Email: suratdeo@gmail.com
A-3,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઈન્સ,સુરત

જા.નં.મા-૨/નિષ્ઠા તાલીમ/૨૦૨૧/૧૧૪૬૧

તા.૧૦/૦૮/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ/ખાનગી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

વિષય :- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષકોને નિષ્ઠા તાલીમમાં શિક્ષકો અને આચાર્યોને જોડાવા બાબત.

સંદર્ભ :-કમિશ્નરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગરનાં પત્ર ક્રમાંક નં.મકમ/મ-૬/૨૦૨૧ /૪૩૯૫/૪૪૨૯ તા.૫/૦૮/૨૦૨૧

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે સુરત શહેર અને જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓએ ઉકત સંદર્ભે પત્ર અન્વયે નિષ્ઠાની તાલીમ અંતર્ગત રજીસ્ટ્રેશન કરી બિડાણ મુજબનાં પ્રમાણપત્ર પગારડેટા લઇ આવનાર કલાર્ક સાથે મોકલી આપવાનું રહેશે. અન્યથા પગાર ડેટા સ્વીકારવામાં આવશે નહિં.

વધુમાં ખાનગી / સેલ્ફ ફાઇનાન્સ માધ્યમિક શાળાએ ઉકત સંદર્ભપત્રએ તાલીમ અંતર્ગત રજીસ્ટ્રેશન કરી બિડાણ મુજબનાં પ્રમાણપત્રમાં ભરીને દરેક શાળાએ પોતાનાં Q.D.C ને જમા કરાવવાનુ રહેશે.તથા Q.D.C એ પોતાની અંતર્ગત આવતી ખાનગી / સેલ્ફ ફાઇનાન્સ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં બિડાણ મુજબનું પ્રમાણપત્ર મેળવી તા.૧૧/૦૮/૨૦૨૧ નાં રોજ S.V.S. કક્ષાએ સાંજે ૫:૦૦ કલાકે જમા કરાવવાનાં રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત

બિડાણ:-પ્રમાણપનો નમુનો

નકલ રવાના:-
- સીધા પગાર શાખા, સદર કચેરી
- શિક્ષણ નિરીક્ષક, સદર કચેરી
- મ.શિ.નિરીક્ષક, સદર કચેરી

H:\RANJANBEN\ANIL BACKUP\M-2\School paripatrma-2.doc

Scanned with CamScanner

## શાળા દ્વારા રજૂ કરવાના થતાં પ્રમાણપત્ર-૧ નો નમુનો

દીક્ષા પોર્ટલ પર નિષ્ઠા તાલીમ માં શાળાના આચાર્ય અને શૈક્ષણિક સ્ટાફ જોડાયા બાબતનું પ્રમાણ પત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.કે,અમારી શાળા.............................................................................................................સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડમાં ફરજ બજાવતા તમામ શિક્ષકો અને આચાર્ય દ્વારા દેક્ષા પોર્ટલ પર નિષ્ઠા તાલીમ માટે રજીસ્ટ્રેશન કરેલ છે. તેમજ લોંગ ઇન થઇને પરિપત્રમાં દર્શાવેલ કોર્સ JOINકરેલ છે.

| શાળાનું નામ | શાળાનો પ્રકાર સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી | શાળામાં ફરજ બજાવતા શિક્ષકોની કુલ સંખ્યા | દીક્ષા પોર્ટલ પર નિષ્ઠા તાલીમ માટે JOIN થયેલ શિક્ષકોની સંખ્યા | રીમાકર્સ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

આચાર્યનાં સહી સિક્કા

Scanned with CamScanner

ક્રમાંક: મકમ/મ-કા/૨૦૨૧/૪૩૯૮-૪૪૨૮

કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,

બ્લોક નં.- ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુ.રા., ગાંધીનગર.

તા.- ૦૫/૦૮/૨૦૨૧.

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

વિષય :- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકોને નિષ્ઠા શિક્ષક તાલીમમાં શિક્ષકો અને આચાર્યોને જોડવા બાબત.

સંદર્ભ :- જી.સી.ઈ.આર.ટી., નવી દિલ્હીનો તા.- ૨૦/૦૭/૨૦૨૧નો ઈ-મેઈલ મેસેજ.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, એમ.એચ.આર.ડી. અને એન.સી.ઈ.આર.ટી.ના નેજા હેઠળ સમગ્ર રાષ્ટ્રમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોને નિષ્ઠા (National Initiative For School Heads' and Teachers' Holistic Advancement) તાલીમ આપવાનું આયોજન થયેલ છે. સમગ્ર રાષ્ટ્રમાં કોવિડ-૧૯ની મહામારીને કારણે આ તાલીમ ઓનલાઇન મોડથી દીક્ષા પ્લેટફોર્મ પર નિષ્ઠા કોર્સ દ્વારા મેળવવાની રહેશે. આ કોર્ષ 'નિષ્ઠા સેકન્ડરી' ના નામથી દીક્ષા પ્લેટફોર્મ પર જોઈ શકાશે.

નિષ્ઠા સેકન્ડરી કોર્સમાં રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓના શિક્ષકો અને આચાર્યોને જોડવાના રહેશે. નિષ્ઠા સેકન્ડરી કોર્સમાં શિક્ષકો અને આચાર્યોએ કુલ ૧૩ મોડયુલની તાલીમ ઓનલાઈન કોર્સ સ્વરૂપે મેળવવાની રહેશે. જે પૈકી કોર્સ મોડયુલ ૧ થી ૩ ની તાલીમ ૦૫ ઓગષ્ટ ૨૦૨૧ થી ૩૧ ઓગષ્ટ ૨૦૨૧ દરમિયાન મેળવવાની રહેશે. તા. ૨૫ ઓગષ્ટ બાદ કોર્સ ૧ થી ૩ માં રજીસ્ટ્રેશન થઈ શકશે નહી તે બાબતને ધ્યાને લેવા શિક્ષકોને જાણ કરવાની રહેશે. જેમ જેમ કોર્સ અપલોડ થાય તે મુજબ શિક્ષકોએ સૂચના મુજબ જોડાવવાનું રહેશે.

જિલ્લાકક્ષાએ નિષ્ઠા સેકન્ડરી તાલીમમાં રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો જોડાય અને તમામ ૧૩ કોર્સ પૂર્ણ કરે તે માટે જરૂરી સંકલન કરી તેના સુચારૂ અમલીકરણની વ્યવસ્થા ગોઠવાય તે માટે જરૂરી આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાનું રહેશે. આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ નિષ્ઠા તાલીમ માટે નિયુક્ત થયેલ નોડલ ઓફિસરને જરૂરી સૂચના આપની કક્ષાએથી આપવાની રહેશે.

Scanned with CamScanner

Scanned with CamScanner

૧ થી ૩ કોર્ષમાં વ્યક્તિગત રીતે જોડાવવાનું રહે છે. જેનું સમય પત્રક નીચે મુજબ છે:

- આ તાલીમ દરમિયાન તાલીમમાં જોડાવવા સબંધી તેમજ શૈક્ષણિક પ્રશ્નો કે મુશ્કેલીઓ માટે શિક્ષકે તેમના જિલ્લાના નોડલ ઓફિસરનો (નિષ્ઠા તાલીમ) સંપર્ક કરવાનો રહેશે.
- દરેક શિક્ષકને ઓનલાઈન કોર્સ પૂર્ણ કર્યા બાદ નિષ્ઠા તાલીમ પૂર્ણ કર્યા બાદ નિષ્ઠા તાલીમ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. જે માટે તાલીમાર્થીએ કોર્સના મૂલ્યાંકન [illegible] ૭૦% ગુણ પ્રાપ્ત કરવાના રહેશે તો જ તેનું જ ઓનલાઈન પ્રમાણપત્ર જનરેટ થશે. તાલીમ પૂર્ણ થયા બાદ ૧૫ દિવસમાં દીક્ષા પ્લેટફોર્મમાં લોગીન થતા પ્રોફાઈલ પેજમાંથી ડાઉનલોડ કરી શકાશે.
- દરેક શિક્ષકે તાલીમમાં શીખેલ બાબતોનું વર્ગખંડમાં ઉપયોજન કઈ રીતે કરવું તેનો કોર્સ વાઈઝ અહેવાલ (મોડયુઅલ વાઈઝ કુલ ૧૩) સ્વાધ્યાયકાર્યના સમયગાળામાં તૈયાર કરી ક્યુ.ડી.સી.કો.ઓર્ડીનેટરને જમા કરાવવાનું રહેશે.
- ક્યુ. ડી.સી.કો.ઓર્ડીનેટરે શિક્ષકે કોર્સવાઈઝ જમા કરાવેલ અહેવાલ માટેનું રજીસ્ટર (મોડયુલ વાઈઝ કુલ ૧૩) નીચે આપેલ નમૂના મુજબ તૈયાર કરી ૦૫ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીમાં એસ.વી.એસ. કન્વીનરને તેમજ એસ.વી.એસ. કન્વીનરે દિન-૨ માં જિલ્લાના નોડલ ઓફિસરને જમા કરાવવાનું રહેશે.

| ક્રમ | શિક્ષકનું નામ | શાળા પ્રકાર | ભણાવતા હોય તે ધોરણ | મોડયુલ વાઈઝ જમા કરાવેલઅહેવાલની વિગત | |
|---|---|---|---|---|---|
| | | | | | |

(વાય.એચ. પટેલ)
નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશ્નર શાળાઓની કચેરી,
ગાંધીનગર

(મહેશ મહેતા)
નાયબ શિક્ષણ નિયામક (મહેકમ)
કમિશ્નર શાળાઓની કચેરી,
ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ ::-**

- સચિવ, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.

Scanned with CamScanner